ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ ઈ.સી.–મિનિટ્સ–૩/ ૨૦૨૫/ ૨૫૫ તાઃ–૧૯/૦૨/૨૦૨૫

પ્રતિશ્રી,
એકઝિકયુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ.

**વિષય :–** એકઝિકયુટીવ કાઉન્સિલની તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે, એકઝિકયુટીવ કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

નકલ રવાના જાણ અર્થેઃ–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. સંબંધિત વિભાગો તરફ આગળની યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## તા.૧૫/૦૨/૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીંગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૫/૦૨/૨૦૨૫ ના ૧૧:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીંગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | અધ્યક્ષ | હાજર |
| ૨. | ડૉ. અનિલ એચ. ગોર<br>કુલસચિવશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |
| ૩. | ડૉ. તેજલકુમાર શેઠ<br>પરીક્ષા નિયામકશ્રી<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૪. | ખાલી<br>............................<br>ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ ઓફિસર | સભ્યશ્રી | ખાલી |
| ૫. | પ્રો.(ડૉ.) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૬. | પ્રો.(ડૉ.) કશ્યપ ત્રિવેદી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત<br>કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૭. | ખાલી<br>..........................<br>અધ્યક્ષશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ૮. | ડૉ. મનીષ પંડયા<br>આચાર્યશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ | સભ્યશ્રી | ગેર હાજર |
| ૯. | ખાલી<br>..........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>..........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | ખાલી<br>..........................<br>આચાર્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૨. | ડૉ. જે. જે. ભટ્ટ<br>એસો. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | ડૉ. શીતલ બાટી<br>આસી. પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ,કચ્છ યુનિવર્સિટી | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | ડૉ. જે. એમ. પટેલ<br>અધ્યાપકશ્રી,<br>આર. આર. લાલન કોલેજ, ભૂજ | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૫. | ડૉ. કમલ ખારેચા<br>અધ્યાપકશ્રી,<br>તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ખાલી<br>.............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | ખાલી<br>.............................<br>અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૮. | શ્રી અક્ષયભાઈ રાજેન્દ્રભાઈ ઠક્કર<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૧૯. | શ્રી રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૨૦. | ડૉ. કલ્પેશભાઈ ધનજીભાઈ સોરઠિયા<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૨૧. | શ્રીમતી રેશ્માબબેન જીતેન્દ્રભાઈ ઝવેરી<br>પ્રતિષ્ઠિત વ્યકિત,<br>સરકારશ્રીના પ્રતિનીધિ, ગુ.રા. | સભ્યશ્રી | હાજર |
| ૨૨. | શ્રી મહેશ પુજ<br>સભ્યશ્રી, GCCI | સભ્યશ્રી | ગેર હાજર |

**સૌ પ્રથમ માનનીય અધ્યક્ષશ્રી દ્વારા સરકારશ્રી મારફતે નિયુકિત પામેલ ચાર નવ નિયુકત સભ્યશ્રીઓને આવકારવામાં આવ્યા અને યુનિવર્સિટી હિતમાં સૌ સાથે મળી કામ કરવાની નેમ સાથે મિટીંગની શરૂઆત કરવામાં આવી.**

**કાર્યસૂચી :–**

૧. એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ગત તા.૧૮/૧૧/૨૦૨૪ તથા તા. ૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૦૧ **એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ગત તા.૧૮/૧૧/૨૦૨૪ તથા તા. ૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ નોંધનું વાંચન કરવામાં આવેલ અને મિનીટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ–૨૦૨૪ થી કચ્છ વિસ્તારના જુદા–જુદા પાંચ સ્થળોએ શરૂ કરવામાં આવેલ એક્સ્ટેન્શન સેન્ટર ચલાવવા માટે જુદી–જુદી કંપની તથા સંસ્થામાંથી ફંડ મેળવવામાં આવે છે તથા આ સંદર્ભે વધુ ફંડ મેળવવા સી.એસ.આર. સર્ટીફિકેટની જરૂરીયાત છે. સી.એસ.આર.–૧ સર્ટીફિકેટ મેળવવાની કાર્યવાહિ હાથ ધરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૦૨ **જુદી–જુદી કંપનીઓ/ સંસ્થાઓ પાસેથી ફંડ મેળવવા સી.એસ.આર.–૧ સર્ટીફિકેટની જરૂરિયાત હોતાં તે સર્ટીફિકેટ મેળવવા નિયત પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જેના આધારે મિનીસ્ટ્રી ઓફ કોરપોરેટ અફેર્સ, ભારત સરકારમાંથી સી.એસ.આર. સર્ટીફિકેટ આવી ગયેલ છે. આ સી.એસ.આર. ફંડ મેળવવા જરૂરી કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે. કલેકટરશ્રી, કચ્છ–ભૂજ તથા પી.જી.વી.સી.એલ., ભૂજને સી.એસ.આર. ફંડ મંજૂર કરવા યુનિવર્સિટી દ્વારા પત્રવ્યવહાર કરવામાં આવેલ. આ ફંડ મેળવવા કલેકટરશ્રી, કચ્છએ અંગત રસ દાખવેલ છે અને એસ.પી.શ્રીએ પણ આ સંદર્ભે સહકાર બતાવેલ છે.**

૩. કચ્છ યુનિવર્સિટીમાં હાલમાં ચાલી રહેલ હાઈકોર્ટ મેટરો/ કેસ સબબ જુદા–જુદા વકિલશ્રીઓ રોકવામાં આવેલ છે. કોર્ટ કેસો હેન્ડલ કરવા અન્ય યુનિવર્સિટીઓમાં એડવોકેટ પેનલ હોય છે એ જ રીતે આપણે ત્યાં પણ એડવોકેટ પેનલની રચના કરવા તથા તેમાં એડવોકેટશ્રીઓને નિયુકત કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૦૩ **અન્ય યુનિવર્સિટીમાં જે રીતે એડવોકેટ પેનલ હોય છે એ રીતે કચ્છ યુનિવર્સિટીમાં હાલમાં ચાલી રહેલ જુદા–જુદા કોર્ટ કેસો તથા હાઈકોર્ટ મેટરો માટે વકિલશ્રીઓની એડવોકેટ પેનલની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**<u>કચ્છ યુનિવર્સિટી એડવોકેટ પેનલ</u>**

**૧. શ્રી ઈન્દ્રવદન પરમાર, અમદાવાદ (કે જેઓ હાલમાં નોન ટીચિંગની હાઈકોર્ટ મેટર સંભાળે છે.)**

**૨. શ્રી અવિનાશ ઠકકર, અમદાવાદ ( કે જેઓ હાલમાં પીએચ.ડી. અનુસંધાને હરપાલસિંહ ડી. જાડેજાની કોર્ટ મેટર સંભાળે છે.)**

**૩. શ્રી વિમલ પુરોહિત, અમદાવાદ (કે જેઓ હાલમાં ગ્રાન્ટ ઈન એઈડ લો કોલેજની કોર્ટ મેટર સંભાળે છે.)**

**૪. શ્રી દેવાંગ નાણાંવટી, અમદાવાદ (કે જેઓ હાલમાં ભરતી પ્રક્રિયા (એ.આર./ એસ.ઓ.) સંદર્ભે થયેલ કોર્ટ મેટર સંભાળે છે.)**

**૫. શ્રી સુધીર નાણાંવટી, અમદાવાદ**

આપવામાં આવેલ ઉપર્યુક્ત પેનલના નામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

વધુમાં, લોકલ લેવલે વકિલશ્રીઓના નામોની પેનલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ જાડેજા અને શ્રીમતી રેશ્માબેન ઝવેરી સૂચવશે એવું નકકી કરવામાં આવ્યું. જે પેનલને આગામી સભામાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે.

૪. વિદ્યાર્થીઓ માટે એન્ટી રેગીગ એકટ અમલમાં છે. જેના અનુસંધાને આપણી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, ભવનો, સેન્ટરો વગેરેમાં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પાસેથી અન્ડરટેકિંગ મેળવવાનું રહે છે જે સંદર્ભે આગળની કાર્યવાહિ હાથ ધરવા બાબતે.

**ઠરાવ નં.૦૪** **વિદ્યાર્થીઓ માટે યુ.જી.સી.નો એન્ટી રેગીગ એકટ અમલમાં હોઈ એકટ અનુસારની અમલવારી ફરજિયાત કરાવવાની રહે છે. જેના અનુસંધાને આપણી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, ભવનો, સેન્ટરો વગેરેમાં વર્ષ ૨૦૨૫–૨૬ માં પ્રવેશ મેળવતા તમામ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પાસેથી એન્ટી રેગીગ એકટ મુજબનું નિયત નમૂનામાં અન્ડરટેકિંગ મેળવવું. એન્ટી રેગીગ સંબંધિત બેનરો/ સાઈટેશન કોલેજો/ ભવનો/ હોસ્ટેલો વગેરેમાં લગાવવા. આ સંદર્ભે સંલગ્ન તમામ કોલેજો/ ભવનો/ સેન્ટરોને લેખિતમાં જાણ અને અમલવારી કરવા જણાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫. બી.કોમ. (પ્રોફેશનલ) સ્વનિર્ભર કોર્ષની ફી નકકી કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(બી.કોમ. (પ્રોફેશનલ–અંગ્રેજી માધ્યમ) કોર્ષ સ્વનિર્ભરતાના ધોરણે વર્ષ ૨૦૨૪–૨૫થી શરૂ કરવા તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરને અત્રેથી મંજૂરી આપવામાં આવેલ છે જેની ફી નકકી કરવા બાબત)

**ઠરાવ નં.૦૫** **બી.કોમ. (પ્રોફેશનલ) સ્વનિર્ભર કોર્ષની ફી કેટલી લેવી તે FRC ની સમિતિ બનાવી તેમની સમક્ષ મુકવાની થાય. સાથે જ સંબંધિત કોલેજ પાસેથી ખર્ચ / આવક વેગેરેની વિગતો મંગાવીએ. FRC નિયત કરે તે ફી લેવાની શરતે હાલમાં કોલેજે ગત વર્ષે જે ફી લીધેલ છે તે જ ફી રૂા.૫૦૦૦/– (ટયુશન ફી) લેવા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મંજૂરી આપે છે. ફી નકકી થયે નિયત ફી લેવાની/ વસુલવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત કોલેજની રહેશે તેવું વધુમાં ઠરાવવામાં આવે છે.**

૬. યુ.જી.સી. તથા સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ Environment Education એક વિષય તરીકે તમામ અભ્યાસક્રમોમાં ફરજિયાત ભણાવવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(ગત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ એકેડમિક કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૭ થી આ સબબ લેવાયેલ નિર્ણયમાં ફેરફાર–સુધારા કરવા મંજૂરી આપવા તથા તે અંગે આગળની કાર્યવાહિ હાથ ધરવા બાબતે.)

**ઠરાવ નં.૦૬** **સુપ્રિમ કોર્ટના આદેશને ધ્યાને લઈ ગત તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ એકેડમિક કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૭ થી આ સબબ લેવાયેલ નિર્ણયમાં નીચે મુજબનો ફેરફાર–સુધારા કરવા મંજૂરી આપવામાં આવે છે.**

**સ્નાતક કક્ષાના દરેક અભ્યાસક્રમ/ કોર્ષમાં સેમેસ્ટર –૧ માં VAC માં ૦૨– ક્રેડીટનો અભ્યાસક્રમ Environment Education નો મુકવાનો રહેશે. એકેડેમિક કાઉન્સિલમાં**

**Environment science તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે જે Environment Education તરીકેના નામાભિધાન સાથે ભણાવવાનો રહેશે.**

**વધુમાં પ્રથમ વર્ષના પ્રથમ સેમેસ્ટરમાં VAC માં ૦૨– ક્રેડીટનો અભ્યાસક્રમ/ માળખું તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે સમાન રહેશે અને યુ.જી.સી. દ્વારા સૂચિત અભ્યાસક્રમના મુદ્દાઓ સાંકળીને ૨–ક્રેડિટનો આ અભ્યાસક્રમ સાયન્સ ફેકલ્ટીના ડીનશ્રીએ બનાવી આગામી મળનારી એકેડમિક કાઉન્સિલમાં મુકી મંજૂર કરાવવાનો રહેશે તેવુ વધુમાં ઠરાવવામાં આવ્યું.**

૭. Department of Environment and Life Science વિભાગે તેમની એક Patent file કરવા તા.૦૬/૦૧/૨૦૨૫ના અત્રેને અરજી કરેલ છે અને તેનો અંદાજીત ખર્ચ રૂ. ૧,૦૦,૦૦૦/– મંજૂર કરવા માંગણી કરેલ છે. જે ખર્ચ મંજૂર કરવા બાબતે ચર્ચા–વિચારણા તથા નિર્ણય.

ઠરાવ નં.૦૭ **Department of Environment and Life Science વિભાગે તેમની એક Patent file કરવા તા.૦૬/૦૧/૨૦૨૫ના અત્રેને અરજી કરેલ છે જે Patent file કરવા અને તે સબબ થનાર ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦/– સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૮. ડૉ. હિતેશ જાની, ડાયરેકટર, એનિમલ વેલફેર બોર્ડ, ભારત સરકાર–દિલ્હીના તા.૨૩/૦૧/૨૦૨૫ ના બે પત્રોથી, કચ્છ વિસ્તારની ભૌગોલિક સ્થિત તથા વનસ્પતિને ઘ્યાનમાં રાખી "શ્રી જય કૃષ્ણ ઈન્દ્રજી ચેયર" તથા આજના સમયમાં ગાય અને ગૌવિજ્ઞાન ઘ્યાનમાં રાખી "કામધેનુ ચેયર" શરૂ કરવા પ્રપોઝલ કરેલ છે. તેઓશ્રીની આ પ્રોપોઝલ ઘ્યાને લઈ કચ્છ યુનિવર્સિટીમાં ઉકત બન્ને ચેયર શરૂ કરવા સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૦૮ **ઉપરોકત બન્ને ચેયર (૧) "શ્રી જય કૃષ્ણ ઈન્દ્રજી ચેયર" તથા (૨) "કામધેનુ ચેયર" શરૂ કરવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. સાથે જ એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કલ્પેશ સોરઠિયા તથા શ્રીમતી રેશ્માબેન ઝવેરીને સંબંધિત ચેરના અમલીકરણ અન્વયે બનાવવામાં આવનાર સમિતિમાં મુકવા આથી ઠરાવવામાં આવે છે.**

૯. વેકેશન દરમ્યાન અધ્યાપકશ્રીઓને યુનિવર્સિટી દ્વારા કામકાજમાં રોકવામાં આવે તો તેઓને EL (અર્ન લીવ) મળવાપાત્ર છે. નિયત કરેલ કામગીરી/ ફરજ બજાવે તો તેઓશ્રીને EL આપવા ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૦૯ **કચ્છ યુનિવર્સિટીમાં નિયમીત પગાર ધોરણ પર ફરજ બજાવતાં કાયમી અધ્યાપકશ્રીઓ કે જેઓએ વેકેશનના સમયગાળા દરમ્યાન કચ્છ યુનિવર્સિટી દ્વારા લેખિતમાં થયેલ આદેશ પર કામગીરી (જેનું મહેનતાણું ચૂકવવામાં આવતું ન હોય) વેકેશન ન ભોગવીને કરેલ હોય તેઓને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર E.L. (અર્ન લીવ) મળવા પાત્ર થશે.**

**વધુમાં, આપણે ત્યાં અધ્યાપકશ્રીઓ, કે જેઓએ વહિવટી અધિકારી તરીકેનો (કાર્યકારી–કુલપતિશ્રી, કુલસચિવશ્રી, પરીક્ષા નિયામકશ્રીના હોદ્દા પરનો) કાર્યભાર સંભાળેલ હોય તેઓને પણ વહિવટી હોદા પરના દિવસો દરમ્યાન વેકેશન ન ભોગવેલ હોય તેવા કિસ્સામાં ઉપરોકત નિયમ અનુસાર E.L. મળવા પાત્ર થશે. જે E.L. (અર્ન લીવ) તેઓની સર્વિસબુકમાં ઉધારવાની રહેશે. જે અધ્યાપકશ્રીઓએ વેકેશન દરમ્યાન કામગીરી (જેનું મહેનતાણું ચૂકવવામાં આવતું ન હોય) કરેલ હોય તેઓએ આધાર–પૂરાવા સાથે મહેકમ વિભાગને લેખિતમાં જાણ કરવાની રહેશે. આમ, નિયમાનુસાર E.L. સંદર્ભે કરવાની થતી કાર્યવાહિ મહેકમ વિભાગે હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૦. પરીક્ષા તથા QPDS પદ્ધતિ સંદર્ભે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા QPDS સાથે સંકળાયેલ સ્ટાફની તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ થયેલ મિટીંગની મિનીટસ અનુસંધાને ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૧૦ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા QPDS સાથે સંકળાયેલ સ્ટાફની તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ થયેલ મિટીંગની મિનીટસ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. આ સંદર્ભે આગળની કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. વર્ષ –૨૦૨૪માં યોજાયેલ ૧૪માં પદવીદાન સમારોહની કરવામાં આવેલ પ્રક્રિયા, ટેન્ડર તથા થયેલ અંદાજિત ખર્ચ રૂા. ૧૩,૫૦,૦૦૦/– બહાલ રાખવા બાબતે

**ઠરાવ નં.૧૧ ૧૪માં પદવીદાન સમારોહ માટે ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ સમિતિમાં ૧૦,૦૦,૦૦૦/– રકમ મંજૂર કરવામાં આવેલ. પરંતુ સમારોહનો ખરેખર ખર્ચ રૂા.૧૪,૪૦,૦૦૦/– થયેલ છે. ડીગ્રીની આવક અંદાજે રૂા. ૨૮ લાખ થયેલ છે. જે જેતાં ખરેખર ખર્ચ મંજૂર રાખી બહાલી આપવામાં આવે છે.**

૧૨. યુનિવર્સિટીની આગામી માર્ચ–એપ્રિલ–૨૦૨૫ અને ઓકટો–નવે–૨૦૨૫ માં તથા એ શૈક્ષણિક વર્ષમાં લેવાનારી તમામ પરીક્ષાઓ QPDS online પદ્ધતિથી લેવા મંજૂરી આપવા બાબત.

**ઠરાવ નં.૧૨ QPDS પદ્ધતિથી પ્રશ્નપત્રની online ડિલીવરી તથા પ્રશ્નપત્ર પેપર સેટરો દ્વારા સોફ્ટવેરમાં જ online કાઢવાના રહેશે જેની પરીક્ષા નિયામકશ્રી દ્વારા વિસ્તૃત સમજણ સભામાં આપવામાં આવ્યા બાદ પુખ્ત ચર્ચા–વિચારણાના અંતે યુનિવર્સિટીની આગામી માર્ચ–એપ્રિલ–૨૦૨૫ અને ઓકટો–નવે–૨૦૨૫ તથા એ શૈક્ષણિક વર્ષમાં લેવાનારી તમામ પરીક્ષાઓ તકેદારી પૂર્વક QPDS online પદ્ધતિથી લેવા મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**વધુમાં પ્રશ્નપત્રો પણ અધ્યાપકશ્રીઓએ/ પ્રાશ્નિકોએ ફરજીયાત online software માં નિયત ફોરમેટ મુજબ કાઢીને આપવાના રહેશે તેવા નિર્ણયને પણ બહાલી આપવામાં આવે છે.**

૧૩. કચ્છ યુનિવર્સિટી પ્રથમવાર NAAC મેળવવા જઈ રહી છે. જેના છેલ્લા સોપાનરૂપ NAAC PEER TEAM રૂબરૂ મુલાકાતે આવનાર હોઈ NAAC ની આગામી કરવાની થતી તૈયારીઓ સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૧૩ NAAC સંબંધિત કવોન્ટીટેટિવ એનાલીસીસના ૭૦% અસેસમેન્ટની કામગીરી યુનિવર્સિટીએ મોકલેલ ડેટાના અભ્યાસ પરથી NAAC દ્વારા પૂર્ણ થઈ ગયેલ છે. બાકી રહેતી ૩૦% કામગીરીમાં QLM (કવોલીટેટીવ મેટ્રીક્સ) ની કામગીરી તેના અંતિમ તબ્બકામાં છે. જેમાં આપણાં રીપોર્ટમાં બતાવ્યાનુસાર સંસાધનોની ચકાસણી / સ્થળ નિરીક્ષણ વગેરે કરવામાં આવતું હોય છે. NAAC PEER TEAM ના ૫ થી ૭ સભ્યોની ટીમ ત્રણ દિવસ માટે રૂબરૂ મુલાકાતે યુનિવર્સિટીએ આવતી હોય છે. ટીમ સમક્ષ, તેઓની માંગણી અનુસારના આધાર–પૂરાવાઓ રજૂ કરવાના આવતા હોય છે, પ્રેઝનટેશન, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્ટાફ–વાલી–વિદ્યાર્થી સાથે મિટીંગો વગેરે કરવાનું થાય છે. ચર્ચા–વિચારણાના અંતે કચ્છ યુનિવર્સિટી પ્રથમવાર NAAC મેળવવા જઈ રહેલ હોઈ આ સંદર્ભે એક મોક રાઉન્ડ વિઝીટ કરાવીએ જેથી કોઈ ઉણપ રહી ગયેલ હોય તો તેનો ખ્યાલ આવી શકે તેવા માનનીય કુલપતિશ્રીના સૂચનને માન્ય રાખી મોક સમિતિ બોલાવવાનું નકકી કરવામાં આવ્યું. મોક સમિતિ આવે ત્યારે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત**

**રહે તેવું નકકી કરવામાં આવ્યું. આ મોક સમિતિના સભ્યોના નામ નકકી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. તારીખ ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન કચ્છ યુનિવર્સિટી ત્રિદિવસીય આંતર રાષ્ટ્રીય સ્તરની ઈકોનોમિકસ કોનફરન્સનું આયોજન કરવા જઈ રહી છે જે અંગેની આગળની કાર્યવાહિ હાથ ધરવા ચર્ચા–વિચારણા અને મંજૂરી આપવા બાબત.

ઠરાવ નં.૧૪ **કચ્છ યુનિવર્સિટી ત્રિદિવસીય આંતર રાષ્ટ્રીય સ્તરની ઈકોનોમિકસ કોનફરન્સનું આયોજન કરવા જઈ રહી છે જેમાં અમેરિકાના ૦૩ તથા દેશભરમાંથી પ્રતિનિધિઓ પણ ભાગ લેનાર છે. કુલ મળી અંદાજે ૫૦૦ જેટલા પ્રતિનિધિઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. ત્રિદિવસીય આ કોન્ફરસમાં રહેવા–જમવા, કીટ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવાની થાય છે. જેના ખર્ચ પેટે અંદાજે રૂા.૫,૦૦,૦૦૦/– મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.**

૧૫. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓની હાજરી Face detection attendance Machine દ્વારા કરવા બાબતે નિર્ણય લેવાયેલ જે અનુસાર તા.૦૪/૧૧/૨૦૨૪ ના પરિપત્રથી સર્વેને જાણ કરવામાં આવેલ. પરંતુ રિપોર્ટ ચકાસતાં હજુ ઘણાં અધ્યાપકશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ સમયસર હાજરી બાબતે ગંભીરતા દાખવતા નથી જે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૧૫ **રાજય સરકારશ્રી દ્વારા તાજેતરમાં ડિઝીટલ હાજરી પૂરવા સંદર્ભે ભાર અપાઈ રહયો છે. કચ્છ યુનિવર્સિટી દ્વારા પણ આ સંદર્ભે Face detection attendance Machine વસાવવામાં આવેલ છે. જાન્યુઆરી–૨૦૨૫ નો રીપોર્ટ જોતાં હજુ ઘણાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર હોવા છતાં મશીન દ્વારા હાજરી પૂરતા નથી તેવું ઘ્યાન પર આવેલ છે. હાજરી ન પૂરવા તથા સમયસર ન આવવા સંદર્ભે એક્ઝિકયુટીવ કાઉન્સિલે ગંભીરતાપૂર્વક નોંધ લીધેલ છે. જે શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ મશીનમાં હાજરી પૂરતા નથી તેઓને જાણ કરવી અને ફેબ્રુઆરી–૨૦૨૫ ના અંત સુધીમાં જો કોઈ કાર્યવાહિ તેમના તરફથી કરવાની બાકી રહેતી હોય તો તે પૂર્ણ કરાવી. માર્ચ–૨૦૨૫ સમયસર હાજરી ન પૂરવાના સંજોગોમાં મોડા આવનારની નિયમોનુસાર C.L. રજા ગણવાની રહેશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

**આ અગાઉ ભવનોમાં પણ બીજો તથા ચોથો શનીવાર રજા રહેતી હતી. પરંતુ ત્યાર બાદ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં થયેલ ઠરાવ અનુસાર "ભવનો બીજા તથા ચોથા શનીવારે ચાલુ રાખવા તથા આ દિવસોમાં બિનશૈક્ષણિક કર્મચારીઓને આપાયેલ રજા"માં વિદ્યાર્થીહિત તથા વહિવટી સગવડતાને ઘ્યાને લઈ એક્ઝિકયુટીવ કાઉન્સિલ ફેરફાર કરવા ભલામણ કરે છે. યુનિવર્સિટીમાં કાર્યરત ભવનો બીજો તથા ચોથો શનીવાર ચાલુ હોય છે અને શૈક્ષણિક કાર્ય પણ ચાલુ હોય છે. જેથી ભવનોમાં ફરજ બજાવતાં તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓએ તેમની ફરજ પર હાજર રહેવું. જેના બદલામાં ભવનમાં ફરજ બજાવતા બિન શૈક્ષણિક કર્મચારીઓને બીજા તથા ચોથા શનીવારની વળતર રજા આપવાનું ઠરાવવામાં આવે છે અને આ બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટ મંજૂરી આપે તેવી ભલામણ કરે છે.**

૨. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના તા.૨૮/૦૧/૨૦૨૫ના પત્ર અનુસંધાને ચર્ચા–વિચારણા અને નિર્ણય

(પત્રની ટૂંકી વિગત– વેકેશનના ખૂટતા ૦૪ દિવસ બાબતે, પરીક્ષાલક્ષી કામગીરીમાં માત્ર કોલેજના અધ્યાપકશ્રીઓને જવાબદાર ન ઠેરવી ખરેખર જેમની જવાબદારી હોય તેમને પૂછવુ., યાદી મુજબ કામગીરી સોંપવી, Drill bit Software નો ઉપયોગ અન્યોને કરવા આપવા બાબતે, અધ્યાપકો યુનિવર્સિટીના કામસર ફરજ બજાવતા હોય ત્યારે ફાળવવાના વાહન બાબતે, માનદ વેતન વધારવા બાબતના પ્રશ્નોની રજૂઆત સંદર્ભે)

**ઠરાવ નં.૧૬** **અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના તા.૨૮/૦૧/૨૦૨૫ના પત્રથી થયેલ રજૂઆતો સંદર્ભે ચર્ચા–વિચારણાને અંતે વેકેશનના ખૂટતા ૦૪ દિવસો વળતર રજા તરીકે શૈક્ષણિક કર્મચારીઓ ડિસેમ્બર–૨૦૨૫ સુધીમાં વાપરી શકશે તેવો નિર્ણય કરવામાં આવે છે. વધુમાં Drill bit Software સંદર્ભે અધ્યાપક યુનિવર્સિટીને તે Software વાપરવા અરજી કરશે તો તેની મંજૂરી આપવામાં આવશે તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૩. કચ્છ યુનિવર્સિટી વર્ગ–૩ ના બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓની તા.૨૧/૧૨/૨૦૨૪ ની રજૂઆત સંદર્ભે ચર્ચા–વિચારણા.

**ઠરાવ નં.૧૭** **કચ્છ યુનિવર્સિટી વર્ગ–૩ ના કાયમી બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ (૦૧– સિનીયર ડેટાએન્ટ્રી ઓપરેટર તથા ૦૩– જુનિયર ડેટાએન્ટ્રી ઓપરેટર) ની તા.૨૧/૧૨/૨૦૨૪ વાળી તેમની અરજી અંગે માર્ગદર્શન હેતુ સરકારશ્રીમાં મોકલવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. આગામી પરીક્ષાઓ QPDS પદ્ધતિથી લેવાનાર હોવાથી યુનિવર્સિટીઓના ભવનોમાં સારા હાઈસ્પીડ ઝેરોક્ષ મશીનો વસાવવા બાબતે ચર્ચા–વિચારણા

**ઠરાવ નં.૧૮** **યુનિવર્સિટીના ભવનો માટે હાઈસ્પીડ ઝેરોક્ષ મશીનો GEM મારફતે ખરીદ કરવા તથા તે અનુસંધાને થનાર ખર્ચ મંજૂર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ સંદર્ભે જે તે બિલ્ડીગોમાં ૧ કરતાં વધારે ભવનો કાર્યરત હોય ત્યાં વિવેકાધીન ફ્લોર વાઈઝ ઝેરોક્ષ મશીનની ફાળવણી તથા યોગય તે જાળવણી કરવાનું નકકી કરવામાં આવે છે.**

૫. SSIP-2.0 અન્વયે રૂા. ૧૦ લાખની ગ્રાન્ટ મળેલ છે તે સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય. (GKS – પત્ર તા.૩૧/૦૧/૨૦૨૫)

**ઠરાવ નં.૧૯** **ગુજરાત નોલેજ સોસાયટી પત્ર ક્રમાંકઃ GKS\ SSIP 2.0\ GRANT\ 2024-25\ 330 Date: 31-01-2025 થી SSIP-2.0 અન્વયે રૂા. ૧૦ લાખની ગ્રાન્ટ મળેલ છે. આ ગ્રાન્ટ સંબંધે યુનિવર્સિટીએ SSIP યોજનામાં પોતાનો ફાળો રૂા. ૦૫ લાખ આપવાનો રહેશે. આમ કુલ ૧૫ લાખના ૫૦% રકમ યુનિવર્સિટી દ્વારા યોજનાના નિયમ અનુસાર ખર્ચ કરવામાં આવે ત્યારે**

GKS દ્વારા વધુ રૂા.૧૦ લાખ યુનિવર્સિટીને ફાળવવામાં આવશે. તેવા નિયમથી કુલસચિવશ્રીએ સૌ સભ્યશ્રીઓને વાકેફ કર્યા હતા. ચર્ચા–વિચારણાને અંતે યુનિવર્સિટીનો ફાળો રૂા. ૦૫ લાખ ફાળવવા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. આ સંદર્ભે વિદ્યાર્થીઓમાં રહેલ ઈનોવેટીવ આઈડીયાઝ બહાર આવે અને તેમાં આગળ વધવા માટે આપવામાં આવતી ગ્રાન્ટનો વપરાશ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૬. ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા બાબત.

(ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર અનુસંધાને ચર્ચા–વિચારણા)

ઠરાવ નં.૨૦ સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન અનુસાર ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પરિપત્ર દ્વારા દિવ્યાંગ જગ્યાઓ ભરવા સંદર્ભે આપણી યુનિવર્સિટીને તા.૨૮/૦૧/૨૦૨૫ ના પત્ર મોકલવામાં આવેલ છે અને તેમાં નિર્દિષ્ટ જગ્યાઓ ભરવા સંદર્ભે ચર્ચા–વિચારણાના અંતે,

દિવ્યાંગ જગ્યાઓ ભરવા સંદર્ભે સરકારશ્રીમાંથી પત્ર આવેલ એ પહેલા યુનિવર્સિટી દ્વારા તા.૦૮/૦૩/૨૦૨૪નાં રોજ ટીચીંગ તેમજ નોન ટીચીંગ જાહેરાત બહાર પાડી અરજીઓ મંગાવી લેવામાં આવેલ છે અને અરજીઓની સ્ક્રુટીની પણ થઈ ગયેલ છે. પરિણામે હાલ એક આસીસટન્ટ પ્રોફેસરની જગ્યા સિવાય અન્ય જગ્યા દિવ્યાંગજનોની ઉપલબ્ધ નથી અને તે સંદર્ભે અન્ય જગ્યાઓ ભરવા બાબતે ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર પાસેથી માર્ગદર્શન મેળવીએ તેવું ઠરાવવામાં આવે છે.

વધુમાં, સરકારશ્રી દ્વારા જો દિવ્યાંગજનોની જગ્યાઓ આ અપાયેલ જાહેરાત પરની જગ્યાઓમાંથી ભરવી તેવો નિર્ણય સરકારશ્રીમાંથી આવે તો નીચે મુજબ ભરવાની રહેશે.

– ટીચીંગ જગ્યાઓમાં હાલમાં બહાર પાડવામાં આવેલ જાહેરાત સંદર્ભે જયાં જગ્યા ભરવા સંબંધે અવકાશ જણાય ત્યાં તે જગ્યાએ દિવ્યાંગજનની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવે છે. હાલ જે જાહેરાત આપવામાં આવેલ છે તેમાંથી ભરવાપાત્ર દિવ્યાંગજનોની જગ્યા અબાધિત કરીને બાકી રહેતી જગ્યાઓ ભરવી તેવું ઠરાવવામાં આવે છે.

– તે જ રીતે નોન ટીચીંગની જે જગ્યાઓ ભરવાની બાકી છે તેમા પણ ઉપર સૂચવ્યા મુજબની દિવ્યાગજનોની જગ્યાઓ અનામત રાખી બાકી રહેતી જગ્યાઓ ભરવી તેવું ઠરાવવામાં આવે છે.

સરકારશ્રી પાસે રૂબરૂ રજૂઆત કરવી તથા સરકારશ્રીમાંથી જે નિર્ણય આવે તેની જાણ આગામી સભા સમક્ષ મુકવી આ બાબતે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.

૭. KCG એક્સ્ટેન્શન એકમ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૫ના પત્રથી કચ્છ યુનિવર્સિટી માટે ૦૪ એપ્રેન્ટીશની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. જે બાબતે ચર્ચા–વિચારણા

ઠરાવ નં.૨૧ કચ્છ યુનિવર્સિટી માટે ૦૪ એપ્રેન્ટીશની જગ્યાઓ KCG એક્સ્ટેન્શન એકમ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૫ના પત્રથી મંજૂર કરવામાં આવેલ છે. જે અનુસાર પ્રતિ માસ તેઓને

રૂ. ૪૫૦૦/– ( Board of Apprenticeship Training(west region), Mumbai (NATS) આપશે.

રૂ. ૩૦૦૦/– ( Mukhymantri Apprenticeship Scheme (MAY) હેઠળ

રૂ. ૪૫૦૦/– ( Graduate Intern and Apprentice in Higher Education હેઠળ

**રૂ. ૧૨,૦૦૦/– કુલ મળવાપાત્ર થશે.**

**આમ, KCG ની સંપૂર્ણ ગાઈડ લાઈનનો અભ્યાસકર્યા બાદ નિયમાનુસાર અરજીઓ મંગાવી નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવે છે.**

૮. કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ભવનો તથા કોલેજોમાં GCAS મારફત પ્રવેશ કાર્યવાહી કરવા સંબંધીત સમિતિ બનાવવા બાબત.

(વર્ષ ૨૦૨૨૫–૨૬ પ્રવેશ કાર્યવાહિ GCAS મારફતે થવાની છે ત્યારે પ્રવેશના નિયમો, એલીજિબીલીટીના નિયમો, ગ્રીવીયન્સ વગેરે સંદર્ભે ઉદભવતા પ્રશ્નોના સમાધાન માટે એક સમિતીનું ગઠન કરવાનું થાય છે– શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ તા.૩૧/૦૧/૨૦૨૫)

ઠરાવ નં.૨૨ **GCAS મારફતે કરવાની થતી પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે પ્રવેશના નિયમો, એલીજિબીલીટીના નિયમો, ગ્રીવીયન્સ વગેરે સંદર્ભે ઉદભવતા પ્રશ્નોના સમાધાન માટે સમિતીનું ગઠન કરવાનું અને આ સમિતિમાં સભ્યશ્રીઓની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવે છે.**

૯. ડૉ, શાહિન મેમણ, ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝમાં લેક્ચરર(સેલ્ફ ફાયનાન્સ) તરીકે ફરજ બજાવે છે. તેમણે પ્રેગનન્સી દરમ્યાન (મેટરનીટી લીવ) રજા મુકેલ હતી. તે રજાઓનો યુનિવર્સિટી દ્વારા પગાર ચૂકવવામાં આવેલ નથી. તેઓશ્રીએ આ પગાર ચૂકવવા માંગણી કરેલ છે તે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૨૩ **ઉક્ત બાબતે વકિલશ્રીનું લીગલ ઓપીનીયન મેળવી ત્યાર બાદ આગળની કાર્યવાહિ હાથ ધરવાનું ઠરાવવામાં આવે છે.**

૧૦. હાઈ કોર્ટના આદેશાનુસાર ફરજીયાત હેલમેટ પહેરવા સંદર્ભેનો સરકારશ્રીના પરિપત્રનો અમલ કરવા બાબત.

ઠરાવ નં.૨૪ **હેલમેટ પહેરવા સંદર્ભેનો સરકારશ્રીના પરિપત્રનો અમલ ફરજીયાત પણે કરવાનું ઠરાવવામાં આવે છે. સર્વે કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓએ હેલમેટ પહેરવું ફરજીયાત છે તે અંગેનો પત્ર કરી સર્વેને જાણ કરવાનું નકકી કરવામાં આવ્યુ.**

૧૧. પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીને સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર રૂ.૧૦,૦૦૦/– ની નાણાકિય સત્તાઓ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના પત્રથી આપેલ છે જે બહાલ રાખવા બાબત.

**ઠરાવ નં.૨૫** **સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીને સોંપવામાં આવેલ રૂ.૧૦,૦૦૦/– ની નાણાંકિય સત્તાઓ જોગવાઈઓ આધિન આપેલ હોઈ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૨. યુનિવર્સિટી પરીક્ષાઓના પરિણામો જાહેર થયા બાદ ઉત્તરવહીના રૂબરૂ અવલોકન માટેની બનાવવામાં આવેલ માર્ગદર્શિકા બાબતે તથા આ નિયમ લાગુ કરવામાં આવતા RTI હેઠળ આપવામાં આવતી ઉત્તરવહીની નકલ આપવાનું બંધ કરવા સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૨૬** **યુનિવર્સિટી પરીક્ષાઓના પરિણામો જાહેર થયા બાદ ઉત્તરવહીના રૂબરૂ અવલોકનની જે માર્ગદર્શિકા બનાવવામાં આવેલ છે તેની વિસ્તૃત ચર્ચા સભામાં કરવામાં આવી. ચર્ચા વિચારણાને અંતે માર્ગદર્શિકાનો અમલ કરવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, જો વિદ્યાર્થીને રૂબરૂ અવલોકન, ત્યાર બાદ રી–અસેસમેન્ટમાં પણ સંતોષ ન થાય તો તેવા વિદ્યાર્થી અગાઉ જેમ નિયત ફી ભરી RTI દ્વારા ઉત્તરવહીની નકલ મેળવી શકતા હતા તેવી રીતે ઉત્તરવહીની નકલ મેળવી શકશે તેવું ઠરાવવામાં આવે છે.**

૧૩. પરીક્ષામાં ગેરરીતિ આચરતા વિદ્યાર્થીઓ પર થયેલ કોપીકેસના કિસ્સાઓમાં સ્ટેચ્યુટ્સની જોગવાઈઓ અનુસાર પેનલ્ટી ફી લેવા સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૨૭** **પ્રથમ વખત કોઈ વિદ્યાર્થી કોપીકેસમાં પકડાય તો તેને આર્થિક જોગવાઈઓ અનુસારની સજા ન કરવી. પરંતુ તેજ વિદ્યાર્થી કોપી કેસમાં એકથી વધારે વાર/ બીજીવાર પકડાય ત્યારે સ્ટેચ્યુટ્સના નિયમોનુસાર આર્થિક દંડ કરવામાં આવે તેવું ઠરાવવામાં આવે છે. આર્થિક સિવાય અન્ય સજાની જોગવાઈઓ નિયત કર્યા અનુસાર જ કરવાની રહેશે તેવું નક્કી કરવામાં આવ્યું.**

૧૪. પરીક્ષા નિયામકશ્રી દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૫ થી રજૂ કરવામાં આવેલ મુદ્દાઓ સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૨૮** પરીક્ષા નિયામકશ્રી દ્વારા તા.૦૧/૦૨/૨૦૨૫ થી રજૂ કરવામાં આવેલ મુદ્દાઓ સંદર્ભે ચર્ચા–વિચારણાના અંતે

**– તા.૨૫/૧૧/૨૦૨૪થી રેમ્યુનરેશન ઓફ એકઝામના પરિપત્રમાં જે સુધારાઓ પરીક્ષા નિયામકશ્રી દ્વારા સૂચવવામાં આવેલ છે તે સુધારાઓ કરવા મંજૂરી આપવામાં આવે છે. તા.૨૫/૧૧/૨૦૨૪ વાળા પરિપત્ર નં.૧૮૬ અનુસાર અમલવારી કરવાનું ઠરાવવામાં આવે છે.**

– માર્કશીટ તથા ડિગ્રી છાપકામનો રેટ કોન્ટ્રાકટ પૂર્ણ થઈ ગયેલ હોય એક વર્ષ માટે તે જ પાર્ટીને છાપકામનો ઓર્ડર તે જ ભાવે તથા શરતોએ લંબાવવા મંજૂરી આપવામાં આવે છે. હવે પછીથી અગાઉથી ટેન્ડર પ્રક્રિયા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૫. લાયબ્રેરીયનશ્રી મારફતે NAAC અનુસંધાને લાયબ્રેરીમાં સાધનો તથા પુસ્તકોની ખરિદી કરવા આવેલ રજૂઆતો સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય..

ઠરાવ નં.૨૯ **NAAC અનુસંધાને લાયબ્રેરીમાં નીચે મુજબના સાધનો તથા પુસ્તકોની નિયમોનુસાર ખરિદી કરવા મંજૂરી આપવામાં આવે છે.**

| ક્રમ | વિગત | અંદાજિત રકમ |
|---|---|---|
| ૧. | પિરીયોડીકલ્સ/ જર્નલ્સ | રૂા. ૫,૦૦,૦૦૦/– |
| ૨. | RFID (એક વર્ષ માટે રિન્યુ) | રૂા. ૫૦,૦૦૦/– |
| ૩. | કોમ્પ્યુટર સિસ્ટમ – ૨ | રૂા. ૧,૦૦,૦૦૦/– |
| ૪. | બારકોડ રિડર – ૨ | રૂા. ૨૦,૦૦૦/– |
| ૫. | પુસ્તકો | રૂા. ૩,૨૫,૭૫૦/– |

**NAAC અનુસંધાને ઉપર કોષ્ટ મુજબ ખરીદી કરવા અંદાજી કુલ રકમ રૂા. ૧૦ લાખ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. લાયબ્રેરીયનશ્રીએ ઉપર્યુકત ખરીદી તથા તેની પ્રક્રિયા સરકારશ્રીના નિયમાનુસાર કરવાની રહેશે.**

૧૬. તા.૦૮/૦૩/૨૦૨૪નાં રોજ ટીચીંગ તેમજ નોન ટીચીંગની જાહેરાત બહાર પાડી અરજીઓ મંગાવવામાં આવેલ. જે પૈકી કુલસચિવશ્રીની જગ્યા માટે આવેલ અરજીઓની નિયમાનુસાર સ્ક્રુટીનીની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. આગળની પ્રક્રિયાના ભાગરૂપ ઈન્ટરવ્યુ માટે માર્કિંગ સ્કિમ મંજૂર કરવા બાબત..

ઠરાવ નં.૩૦ **તા.૦૮/૦૩/૨૦૨૪ના રોજ અપાયેલ જાહેરતના અનુસંધાને કુલસચિશ્રીની ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહિના ભાગરૂપ ઈન્ટરવ્યુ માટે માર્કિંગ સ્કિમ મંજૂર રાખવાનું સર્વાનુમતે જણાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ